# 31 જાન્યુઆરીથી કેન્સવિલ ચેલેન્જ ગોલ્ફ 2013

## ભારતની એક માત્ર ચેલેન્જ ટુર ઇવેન્ટમાં બે લાખ યુરોનું ઇનામ : સ્પર્ધામાં 120 સ્પર્ધક

ભાસ્કર ન્યૂઝ . અમદાવાદ

કેન્સવિલ ગોલ્ફ એન્ડ કન્ટ્રી કલબ દ્વારા 31 જાન્યુઆરીથી 3 ફેબ્રુઆરી દરમિયાન ત્રીજી ગુજરાત કેન્સવિલ ચેલેન્જ 2013નું આયોજન કરવામાં આવ્યું છે. આ યુરોપિયન ચેલેન્જ ટુર સિઝનનું આયોજન પ્રોફેશનલ ગોલ્ફ ટુર ઓફ ઈન્ડિયા (પીજીટીઆઇ)ના સહયોગથી કરાયું છે. આ ભારતની એકમાત્ર ચેલેન્જ ટુર ઈવેન્ટ છે. સ્પર્ધાનું ઉદ્‌ઘાટન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના પરિમલ નથવાણીના હસ્તે કરાશે.

સચિન રણજી ટ્રોફી ફાઈનલ્સમાં વ્યસ્ત હોઈ 31 જાન્યુઆરીની જગ્યાએ ગોલ્ફ ટુર્નામેન્ટના છેલ્લા દિવસે એટલે કે ત્રીજી ફેબ્રુઆરીએ પણ કલબની મુલાકાત લઈ શકે છે.

આ વખતે યોજાનારી આ ટુર્નામેન્ટમાં જીતનાર સ્પર્ધકને બે લાખ યુરોનું કેશ પ્રાઇઝ આપવામાં આવશે. આ ટુર્નામેન્ટમાં આ વર્ષે 120 સ્પર્ધકો ભાગ લેવાના છે જેમાં 63 મેમ્બર્સ યુરોપિયન ચેલેન્જ ટુરમાંથી અને 57 મેમ્બર્સ પીજીટીઆઈના હશે.

આ ટુર્નામેન્ટમાં 2002માં યુએસ પીજીએ ટુરમાં ટાઈગર વુડ્સને હરાવનાર યુએસએના ગોલ્ફર રિચ બીમ હાજર રહેશે અને રમશે પણ. આ સાથે વેબ્રિજ, ઈંગ્લેન્ડના ઓલિવર વિલ્સન પણ આ ટુર્નામેન્ટમાં રમશે, તે યુરોપિયન ટુરમાં નવ વાર બીજા સ્થાને રહ્યા છે. આ ઉપરાંત ભારતીય પ્લેયર્સમાં 2011 કેન્સવિલ ચેમ્પિયનશિપના વિજેતા ગગનજીત ભુલ્લર, રાહિલ ગંગજી, હિમ્મત રાય અને ચિરાગકુમાર જેવા પ્લેયર્સ હાજર રહેશે.

આ અંગે જાણકારી આપતા સાવી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મેનેજીંગ ડિરેક્ટર સમીર સિન્હાએ જણાવ્યું હતું કે અમે આ વર્ષે આ અમારા તરફથી કેટલાક યુવાનોને આ ટુર્નામેન્ટમાં ભાગ લેવાની તક આપી છે જેમાં ખલીન જોશી, ચિકા રંગપ્પા અને શુભાંકા શર્માનો સમાવેશ થાય છે.